| KAMAL M. SOJITRA<br>Principal District & Sessions Judge,<br>District Court, Ahmedabad [Rural]<br>@ Navrangpura, Ahmedabad. | सत्यमेव जयते | Office<br>EPBX : 079-25625654<br>Fax : 079-25622511<br>E-mail : dcourt-ahd@gujarat.gov.in |
|---|---|---|

વંચાણે લીધુ – (૧) ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક એસ.પી.ઓ – ૧૦૨૦૨૧– ૧૮૮૪૬૦ –ચ, તા.૧૪.૦૩.૨૦૨૪ (નવી ખરીદ નીતી).

(૨) અત્રેની કચેરીનો આદેશ નં. બી/૪/૩/૧૪૪૧/૨૦૨૬, તા.૧૮.૦૫.૨૦૨૬

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટનું નોટીફીકેશન નં.A.1201/2026[22], Dt. 06.08.2026 અને A.0705(II)/2026[23], Dt. 06.08.2026

| કચેરી આદેશ | ક્રમાંક- બી/૪/૩/ ૨૪૨૬ સને ૨૦૨૬. |
|---|---|

ઉપરોક્ત આમુખ–૧ માં દર્શાવેલ તા.૧૪.૦૩.૨૦૨૪ ના રોજનો ઠરાવ (Gujarat State Procurement Policy, 2024) તથા સરકારી કચેરીઓ દ્રારા ગવર્મેન્ટ ઈ–માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલ મારફતે જરૂરી ચીજવસ્તુઓ/સેવાઓની ખરીદી કરવા અન્વયે જરૂરી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે અને જરૂરી ચીજોવસ્તુઓ/સેવાઓની ખરીદી ગવર્મેન્ટ ઈ–માર્કેટ પ્લેસ પોર્ટલ પરથી કરવા માટે અલગ અલગ સ્તરની સમિતીઓની રચના કરવામાં આવેલ છે તેમજ તે સમિતીઓને અલગ અલગ સ્તરની નાણાંકીય સત્તાઓ સોંપવામાં આવેલ છે.

આમુખ–૩ વાળા નામદાર ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશનથી જ્યુડીશીયલ ઓફીસરશ્રીઓની બદલીઓ થયેલ છે. જે અન્વયે ઉપરોક્ત સંદર્ભિત ઠરાવવમાં આપેલ સુચનાઓ મુજબ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC) નું પુન:ગઠન કરવાનું યોગ્ય જણાય છે. જે ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC) ને પ્રતિવસ્તુ ખરીદવા કે પ્રતિસેવા મેળવવા માટે રૂ. ૨ કરોડ સુધીની સત્તા આપવામાં આવે છે. આ ઉપરાંત ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC) માં Gujarat State Procurement Policy, 2024 માં જણાવ્યા મુજબ Representative of concerned Administrative Department – Not below the rank of Deputy Secretary અને Officer of CSPO – Not below the rank of Class–I નાઓએ કમિટીમાં સમાવેશ કરવા જણાવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં, આમુખ નં.૧ થી દર્શાવેલ અત્રેની કચેરી

ખાતેની ખરીદ કમીટીમાં જરૂરી ફેરફારો સાથે નીચે મુજબની નવી ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC) ની પુન:રચના કરવામાં આવે છે.

| ક્રમ નં. | નામ તથા હોદ્દો | કમીટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી કમલ એમ. સોજીત્રા,<br>મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, અમદાવાદ (ગ્રામ્ય) | અધ્યક્ષ |
| ૨ | શ્રી અનિલ કુમાર મલીક, (D.D.O. તેમજ સિનિયર ઓફીસર)<br>એડી. ડીસ્ટ્રીક્ટ જજ, અમદાવાદ (ગ્રામ્ય) | સભ્ય |
| ૩ | શ્રી એચ.આર.શાહ,<br>સાતમાં એડી. ડીસ્ટ્રીક્ટ જજ, અમદાવાદ (ગ્રામ્ય) | સભ્ય |
| ૪ | શ્રી એસ.આર.સિંઘ,<br>મુખ્ય સિનિયર સિવિલ જજ, અમદાવાદ (ગ્રામ્ય) | સભ્ય |
| ૫ | ડેપ્યુટી સેક્રેટરી, કાયદા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્ય |
| ૬ | ડેપ્યુટી સરંજામ ખરીદ તંત્રના અધિકારી અથવા તેઓના પ્રતિનીધી, ઉધોગ ભવન, ગાંધીનગર (વર્ગ-૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા) | સભ્ય |
| ૭ | રજીસ્ટ્રાર, જિલ્લા ન્યાયાલય, અમદાવાદ (ગ્રામ્ય) (વર્ગ-૧) | સભ્ય સચિવ |
| ૮ | હિસાબી અધિકારી (વર્ગ-૧), જિલ્લા પંચાયત, જિલ્લા પંચાયતની કચેરી, લાલ દરવાજા, અમદાવાદ | સભ્ય |

ઉપરોક્ત ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમીટી (DPC)ની કામગીરીમાં નીચે જણાવેલ જિલ્લા ન્યાયાલયના કર્મચારીઓએ મદદરૂપ થવાનું રહેશે.

| | |
|---|---|
| ૧ | નાઝીર, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) |
| ૨ | કોર્ટ મેનેજર, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) |
| ૩ | શ્રી સુનીલ પરમાર<br>સીસ્ટમ ઓફીસર, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) |

ઉપરોક્ત જણાવેલ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમીટી (DPC) એ દરેક માસના પ્રથમ

અઠવાડીયામાં બેઠક કરવાની રહેશે, તેમજ કોઈ ચોક્કસ સંજોગોમાં જરૂર જણાય તો માસમાં એક કરતા વધુ વખત પણ બેઠક કરવાની રહેશે. સદરહુ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમીટી (DPC)ને અમદાવાદ (ગ્રામ્ય) ખાતે કોઈપણ ચીજવસ્તુ કે સાધનોને ખરીદવા બાબતે નાઝીરશ્રી/કોર્ટ મેનેજરશ્રી/સિસ્ટમ ઓફીસરશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)નાઓ મદદરૂપ થશે. કમીટીમાં પસાર થયેલ ઠરાવોનો અમલ સબંધિત શાખાઓએ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

જિલ્લા ન્યાયાલય, ::
અમદાવાદ (ગ્રામ્ય), ::
નવરંગપુરા, અમદાવાદ. ::
તા. ૧૮.૦૮.૨૦૨૬ ::

( કમલ એમ. સોજીત્રા )
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ

<u>નકલ રવાના જાણ તથા જરૂરી હુકમ થવા સારૂ :-</u>

- અમદાવાદ (ગ્રામ્ય) ના સંબંધીત જ્યુડીશીયલ ઓફીસરશ્રીઓ, કર્મચારીઓ તથા નાઝીર શાખા તરફ.
- ડેપ્યુટી સેક્રેટરી, કાયદા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સચિવશ્રી/નાયબ સચિવશ્રી, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્ર, ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર
- જિલ્લા તીજોરી અધિકારી, લાલ દરવાજા, અમદાવાદ
- સિસ્ટમ ઓફીસર, કોમ્પ્યુટર શાખા, જિલ્લા ન્યાયાલય, અમદાવાદ (ગ્રામ્ય) સદર કચેરી આદેશને અત્રેની કોર્ટની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂં.